Book Post

જિલ્લા રમતગમત અધિકારી કચેરી

બ્લોક સી, ચોથો માળ નર્મદા ભવન,

જેલરોડ, વડોદરા



સત્યમેવ જયતે

ગુજરાત સરકાર

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ

અને

કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ – ગાંધીનગર

દ્વારા આયોજીત

જિલ્લા યુવા વિકાસ અધિકારી – વડોદરા

દ્વારા સંચાલીત

કલા મહાકુંભ

૨૦૧૯-૨૦

શાલિની અગ્રવાલ (I.A.S)

અધ્યક્ષ

કલામહાકુંભ

જિલ્લા કક્ષા અમલીકરણ સમિતી

કલેકટરશ્રી, વડોદરા



કેતુલ મહેરીયા
જિલ્લા યુવા વિકાસ અધિકારી
વડોદરા

ધર્મેન્દ્રસિંહ ચુડાસમા
શાસનાધિકારી
વડોદરા શહેર

યુ.એન.રાઠોડ
જિલ્લા શિક્ષણ અધિકારી
વડોદરા



પત્ર: ક્રમાંક /જી.ર.ગ.અ/ /૧૯-૨૦
જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી
૮/૦ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,
બ્લોક-સી, ૪થા માળે, નર્મદાભવન, જેલ રોડ,
વડોદરા. તા:- ૧૦/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને કોલેજો, તમામ
ડીનશ્રી, મ્યુઝિક કોલેજ વડોદરા,
સંચાલકશ્રીઓ, સંગીત નૃત્ય અને કલાસંસ્થાઓ, તમામ વડોદરા.

વિષય:- કલા મહાકુંભ-૨૦૧૯ના આયોજન બાબત.

શ્રીમાન,

સને૨૦૧૭ થી કલામહાકુંભ ની યોજના અમલમાં આવેલ છે.ગત વર્ષે કલામહાકુંભ ને સુંદર પ્રતિસાદ મળતા ચાલુ વર્ષે પણ કલામહાકુંભ યોજવાનું નકકી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા રાજ્યના કલા એટલે સાધક અને સાધ્યના એકત્વને પોંખવાનો અવસર, સાચી કલા એટલે અભાવમાં નહીં પણ ભાવમાં પ્રગટે છે. અભાવમાં નહીં પણ ભાવમાં જીવવુ એ જ સાચી કલા. કલાકાર પોતાની કલા દ્વારા આનંદની અનુભૂતિ કરાવે છે. જીવતા જીવનમાંથી પ્રગટે તે કલા અને આવી કલાને અભિવ્યકત કરતા કલાકારોનું કલામહાકુંભથી કલાકારો ગૌરવાન્તિક થયાનો અનુભવ થશે. સૌનો સાથ સૌનો વિકાસ તે રીતે સાંસ્કૃતિક વારસાનું પણ જતન થાય તે ઉદેશને પરિપૂર્ણ કરવા છેવાડાના ગામડાઓથી માંડીને શહેરોમાં કલાનું કલાત્મક વાતાવરણનું નિર્માણ થાય, પ્રતિભાશાળી કલાકારોને અભિવ્યકત કરવાની તક મળે, કલાકારોની આંતરિક શકિતઓને પુરુસ્કૃત કરવાના અભિગમથી ચાલુ વર્ષે કલા મહાકુંભનું આયોજન કરવામાં આવેલ છે. વડોદરા શહેરના વધુમાં વધુ સ્પર્ધક, કલાકારો અને સંગીત, કલા અને અભિનય ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને કલામહાકુંભમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા કલા મહાકુંભના સુચારૂ આયોજન અને સંચાલન માટે વિવિધ કક્ષાએ અમલીકરણ સમિતિની રચના કરવામાં આવેલ છે.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
વડોદરા

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

સવિનય નકલ રવાના:

૧. સચિવશ્રી રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર
૨. કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર
૩. મ્યુનિસિપલ કમિશનરશ્રી વડોદરા મહાનગર સેવા સદન વડોદરા
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત વડોદરા
૫. પોલીસ કમિશનરશ્રી વડોદરા
૬. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વડોદરા
૭. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી વડોદરા
૮. જિલ્લા શાસનાધિકારીશ્રી શિક્ષણસમિતિ વડોદરા
૯. ડીનશ્રી, મ્યુઝિક કૉલેજ, વડોદરા
૧૦. સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, વડોદરા
૧૧. તંત્રીશ્રી ગુ.સમાચાર/ સંદેશ/ ગુ.મિત્ર/ દિવ્યભાસ્કર/ લોકાસત્તા દૈનિક
૧૨. યુથબોર્ડ અધિકારીશ્રી યુ.સે. અને સાં.પ્ર.ગાંધીનગર
૧૩. માન. સંસદસભ્યશ્રી વડોદરા
૧૪. માન. ધારાસભ્યશ્રીઓ વડોદરા
૧૫. કન્વીનરશ્રીઓ તમામ ઝોન કક્ષા કલામહાકુંભ
૧૬. કન્વીનરશ્રીઓ તમામ જિલ્લા કક્ષા કલામહાકુંભ
૧૭.પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓ તમામ વડોદરા શહેરની સંગીત અને કલ્ચરલ સંસ્થાઓ તરફ

વડોદરા જિલ્લા કક્ષા અમલીકરણ સમિતિ

ક્રમ	સમિતિના સભ્ય	કચેરી	હોદો
૧	કલેકટરશ્રી,	સંબંધિત જિલ્લાઓ	અધ્યક્ષશ્રી
૨	કમિશનરશ્રી, મહાનગરપાલિકા પ્રતિનિધિ	સંબંધિત જિલ્લાઓ	સભ્યશ્રી
૩	જિલ્લા વિકાસ અધિકારીશ્રી	સંબંધિત જિલ્લાઓ	સભ્યશ્રી
૪	પોલીસ અધિક્ષકશ્રી	સંબંધિત જિલ્લાઓ	સભ્યશ્રી
૫	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી	સંબંધિત જિલ્લાઓ	સભ્યશ્રી
૬	જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી	સંબંધિત જિલ્લાઓ	સભ્યશ્રી
૭	શિક્ષણાધિકારીશ્રીરીશ્રી શિક્ષણાધિકારીશ્રી	જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન	સભ્યશ્રી
૮	પ્રમુખશ્રી, મંત્રીશ્રી	સ્વામી વિવેકાનંદ યુવા/મહિલા મંડળ સંબંધિત જિલ્લાઓ	સભ્યશ્રી
૯	જિલ્લા યુવા વિકાસ અધિકારી aઅધીકારીશ્રી,	સંબંધિત જિલ્લાઓ	સભ્ય સચિવશ્રી
૧૦	સિનીયર કોચશ્રી	સંબંધિત જિલ્લાઓ	સભ્યશ્રી
૧૧	જિલ્લા રમત ગમત અધીકારીશ્રી	સંબંધિત જિલ્લાઓ	સહ સભ્ય સચિવશ્રી

વડોદરા ઝોન કક્ષા કલામહાકુંભના કન્વીનરશ્રીઓ

ક્રમ	ઝોનના નામ	સ્પર્ધા સ્થળ	કન્વીનરનું નામ	મોબાઈલ નંબર
૧	સયાજીગંજ	ઉર્મિ સ્કુલ	આચાર્યશ્રી	૭૮૭૮૨૬૩૩૭૭
૨	કારેલીબાગ	સાધુ વાસવાણી સ્કુલ	આચાર્યશ્રી	૯૮૨૫૧૩૦૬૪૭
૩	માંડવી	બરોડા પબ્લીક સ્કુલ	આચાર્યશ્રી	૯૬૦૧૬૯૫૨૧૫
૪	અલકાપુરી	ગુજરાત પબ્લીક સ્કુલ, કલાલી	આચાર્યશ્રી	૯૮૨૪૨૩૮૯૭૯
૫	ગોત્રી	ઉત્કર્ષ વિધ્યાલય	આચાર્યશ્રી	૯૪૦૯૩૩૦૩૯૫
૬	વાડી	ઝેનીથ સ્કુલ	આચાર્યશ્રી	૯૪૨૮૮૭૯૯૨૪
૭	બાબાજીપુરા	નવજીવન સ્કુલ	આચાર્યશ્રી	૯૦૯૯૨૬૦૯૦૬
૮	મકરપુરા	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	આચાર્યશ્રી	૯૦૩૩૬૯૬૫૧૬
૯	રાવપુરા	એમ.સી હાઈસ્કુલ સલાટવાડા	આચાર્યશ્રી	૯૯૯૮૭૬૯૫૯૧

વડોદરા જિલ્લા કક્ષા કલામહાકુંભના કન્વીનરશ્રીઓ

ક્રમ	સ્કુલનુંનામ	સ્પર્ધા સ્થળ	કન્વીનરનું નામ	મોબાઈલ નંબર
૧	ઉર્મિ સ્કુલ	ઉર્મિ સ્કુલ	આચાર્યશ્રી	૭૮૭૮૨૬૩૩૭૭
૨	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	આચાર્યશ્રી	૯૦૩૩૬૯૬૫૧૬
૩	આઈડીયલ સ્કુલ	આઈડીયલ સ્કુલ જામ્બુઆ બ્રીજ	આચાર્યશ્રી	૯૦૯૯૧૪૭૬૦૪

➢ **<u>કલા મહાકુંભના ઉદ્દેશ</u>** :

૧) કલા જાગૃતિ (Cultural Conscious)

૨) સાંસ્કૃતિક વાતાવરણ નિર્માણ કરવુ (Cultural Environment Development)

૩) પ્રતિભા શોધ અને યોગ્ય તક (Talent Search & Platform)

➢ **<u>કલા મહાકુંભનું આયોજનના તબક્કાઓ</u>** :

(A) ઝોન કક્ષા

(B) જિલ્લા કક્ષા

(C) પ્રદેશ કક્ષા

(D) રાજ્ય કક્ષા

➢ **<u>કલા મહાકુંભમાં યોજવામાં આવનાર સ્પર્ધાઓ</u>**

<u>(અ) ગાયન વિભાગ</u>		
(૧) સુગમ સંગીત (૨) લોકગીત/ભજન	(૩) શાસ્ત્રીય કંઠય સંગીત (૪) સમુહ ગીત	(૫) સમુહ લગ્ન ગીત / ફટાણા

<u>(બ) નૃત્ય વિભાગ</u>		
(૧) ગરબા (૨) રાસ	(૩) ભરતનાટ્યમ (૪) કથ્થક (૫) લોક નૃત્ય /સમુહ નુત્ય	(૬) મોહીની અટ્ટમ (૭) ઓડીસી (૮) કુચીપુડી

<u>(ક) વાદન વિભાગ</u>	
તાલ વાધ	**સ્વર વાધ**
(૧) તબલા (૨) પખાવજ (૩) મૃદંગમ (૪) સરોદ (૫) સારંગી	(૧) વાંસળી (૨) હર્મોનીયમ (હળવું) (૩) ઓરગન (૪) સિતાર (૫) ગિટાર (૬) વાયોલિન (૭) સ્કુલબેન્ડ (૮) જોડીયાપાવા (૯) રાવણહથ્થો

<u>(ડ) અભિનય વિભાગ</u>
(૧) એકપાત્રીય અભિનય (૨) ભવાઈ

<u>(ડ) સાહિત્યવિભાગ</u>
(૧) વકતૃત્વ (૩)કાવ્યલેખન (૫) લોકા વાર્તા (૨) નિબંધ (૪) ગઝલ શાયરી (૬) દુહા છંદ ચોપાઈ

<u>(ડ) કલા વિભાગ</u>
(૧) સર્જનાત્મક કારીગરી(૨) ચિત્રકલા

કુલ-૩૭ કલાની સ્પર્ધાઓ યોજવામાં આવશે. ઝોન કક્ષાએથી પ્રથમ વિજેતા સ્પર્ધકે જિલ્લા કક્ષાએ ભાગ લેવાનો રહેશે. જિલ્લા કક્ષાએ પ્રથમ વિજેતાએ પ્રદેશ કક્ષાએ ભાગ લેવાનો રહેશે અને પ્રદેશ કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમના વિજેતાએ રાજ્ય કક્ષાએ ભાગ લેવાનો રહેશે.

- **કલા મહાકુંભમાં ભાગ લેનારના વયગ્રુપ:-**
- ૬ થી ૧૪ વર્ષથી નાના કલાકાર ભાઈઓ/બહેનો.
- ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના કલાકારો.
- ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના કલાકારો.
- ૬૦ વર્ષથી ઉપરના (ઓપન ગ્રુપ) રાજ્ય કક્ષાએ થી

સ્પર્ધા શરૂઆત થવાના તબક્કા તમામ ગ્રુપ માટે

ઝોન કક્ષા	જિલ્લા કક્ષા	પ્રદેશ કક્ષા	રાજ્ય કક્ષા
૧. સુગમ સંગીત ૨. લોકગીત/ભજન ૩. ગરબા ૪. ભરતનાટ્યમ ૫. લોક નૃત્ય/સમુહ નુત્ય ૬. એક પાત્રીય અભિનય ૭. તબલા ૮. હાર્મોનિયમ (હળવું) ૯. સમુહ ગીત ૧૦. વકતૃત્વ ૧૧.નિબંધ ૧૨. સમુહ લગ્નગીત/ ફટાણા ૧૩. ચિત્રકલા ૧૪. રાસ	૧.શાસ્ત્રીય કંઠયસંગીત(હિંદુસ્તાની) ૨.ઓર્ગન ૩.લોક વાર્તા ૪. દુહા-છંદ-ચોપાઈ ૫.સર્જનાત્મક કારીગરી ૬.કથ્થક ૭.કાવ્ય લેખન ૮.સ્કુલબેન્ડ ૯.ગઝલ શાયરી	૧. સિતાર ૨. ગિટાર ૩. કુચીપુડી ૪.ઓડીસી ૫.મોહીની અટ્ટમ ૬.વાંસળી ૭. વાયોલીન	૧. પખાવજ ૨. રાવણહથ્થો ૩.મૃદગમ ૪.જોડીયાપાવા ૫. સારંગી ૬. સરોદ ૭. ભવાઈ

કલા મહાકુભમાં વિજેતા થનાર કલાકાર/સ્પર્ધક ને આપવામાં આવનાર રોકડ પુરસ્કાર

વિજેતા ક્રમ	જિલ્લા કક્ષા	પ્રદેશ કક્ષા	રાજય કક્ષા
પ્રથમ	૧૦૦૦	૩૦૦૦	૫૦૦૦
દ્વિતિય	૭૫૦	૨૫૦૦	૪૦૦૦
તૃતીય	૫૦૦	૨૦૦૦	૩૦૦૦

કલા મહાકુભ પ્રથમ વિજેતા કલાકાર/સ્પર્ધકનાં સહાયકની રોકડ પુરસ્કારની વિગતો

ઉમરગૂપ	પ્રદેશ કક્ષા	રાજય કક્ષા
૬ થી ૧૪ વર્ષથી નાના	૫૦૦	૧૦૦૦
૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના	૫૦૦	૧૦૦૦
૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધી	૫૦૦	૧૦૦૦
૬૦ વર્ષથી ઉપરના	૫૦૦	૧૦૦૦

વડોદરા ઝોનકક્ષા સ્પર્ધાનો કાર્યક્રમ – ૨૦૧૯

ઝોન ના નામ	સ્પર્ધા સ્થળ	તબલા	હાર્મોનિયમ	એકપાત્રીઅભિનય	નિબંધ	વકતૃત્વ	ચિત્રકલા	લગ્નગીત	લોકગીત/ભજન	સમુહગીત	સુગમ	રાસ	ગરબા	લોક નૃત્ય	ભરતનાટયમ
સયાજીગંજ	ઉર્મિ સ્કુલ	૧૬/૧ (સવારે - ૧૦ વાગે)	૧૬/૧ (સવારે- ૧૧ વાગે)	૧૬/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૧ વાગે)	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)
કારેલીબાગ	સાધુ વાસવાણી સ્કુલ	૧૬/૧ (બપોરે - ૧ વાગે)	૧૬/૧ (બપોરે- ૧ વાગે)	૧૬/૧ (બપોરે- ૧ વાગે)	૧૭/૧ (બપોરે- ૧ વાગે)	૧૭/૧ (બપોરે- ૧ વાગે)	૧૭/૧ (બપોરે- ૧ વાગે)	૧૭/૧ (બપોરે- ૧ વાગે)	૧૭/૧ (બપોરે-૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૧વાગે)	૧૮/૧ (સવારે - ૧૧ વાગે)	સવારે -૯ વાગે)	સવારે -૯ વાગે)	૨૦/૧ (બપોરે - ૧વાગે)	૨૦/૧ (બપોરે - ૧વાગે)
માંડવી	બરોડા પબ્લીક સ્કુલ	૧૬/૧ (સવારે - ૧૦ વાગે)	૧૬/૧ (સવારે- ૧૧ વાગે)	૧૬/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૧ વાગે)	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)
અલકાપુરી	ગુજરાત પબ્લિક સ્કુલ	૧૬/૧ (સવારે - ૧૦	૧૬/૧ (સવારે- ૧૧	૧૬/૧ (સવારે- ૧૦	૧૭/૧ (સવારે- ૧૦	૧૭/૧ (સવારે- ૧૦	૧૭/૧ (સવારે- ૧૦	૧૭/૧ (સવારે- ૧૧	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)

		વાગે)	વાગે)	વાગે)	વાગે)	વાગે)	વાગે)	વાગે)			વાગે)				
ગોત્રી	ઉત્કર્ષ વિધ્યાલય	૧૬/૧ (સવારે - ૧૦ વાગે)	૧૬/૧ (સવારે- ૧૧ વાગે)	૧૬/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૧ વાગે)	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)
વાડી	ઝેનીથ સ્કુલ	૧૬/૧ (સવારે - ૧૦ વાગે)	૧૬/૧ (સવારે- ૧૧ વાગે)	૧૬/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૧ વાગે)	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)
બાબાજીપુરા	નવજીવન સ્કુલ	૧૬/૧ (સવારે - ૧૦ વાગે)	૧૬/૧ (સવારે- ૧૧ વાગે)	૧૬/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૧ વાગે)	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)
મકરપુરા	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૧૬/૧ (સવારે - ૧૦ વાગે)	૧૬/૧ (સવારે- ૧૧ વાગે)	૧૬/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૧ વાગે)	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)
રાવપુરા	એમ.સી.હાઈસ્કુલ	૧૬/૧ (સવારે - ૧૦ વાગે)	૧૬/૧ (સવારે- ૧૧ વાગે)	૧૬/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૦ વાગે)	૧૭/૧ (સવારે- ૧૧ વાગે)	૧૭/૧ (સવારે-૧૧ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૮/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૧૯/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૦ વાગે)	૨૦/૧ (સવારે - ૧૧વાગે)

વડોદરા શહેર (જિલ્લાકક્ષા) કલામહાકુંભ-૨૦૧૯ સ્પર્ધાનો કાર્યક્રમ

ક્રમ	સ્પર્ધાનું નામ	સ્પર્ધા સ્થળ	સ્પર્ધા તારીખ	સ્પર્ધા સમય
૧	કથ્થક	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૬/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૨	શાસ્ત્રીય કંઠ્ય સંગીત	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૭/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૩	ઓર્ગન	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૭/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે
૪	સર્જનાત્મક કામગીરી	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૮/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૫	કાવ્ય લેખન	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૮/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૬	ગઝલ શાયરી	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૮/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૭	દોહા છંદ-ચોપાઈ	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૮/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૮	લોક વાર્તા	આઈડીયલ સ્કુલ,જામ્બુવા બ્રીજ	૧૮/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે
૯	સ્કુલ બેન્ડ	ઉર્મિ સ્કુલ	૧૬/૧/૨૦૧૯	સવારે- ૯ કલાકે
૧૦	લગ્નગીત	ઉર્મિ સ્કુલ	૨૧/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૧૧	લોક ગીત	ઉર્મિ સ્કુલ	૨૧/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે
૧૨	રાસ	ઉર્મિ સ્કુલ	૨૪/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૧૩	ગરબા	ઉર્મિ સ્કુલ	૨૪/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે

૧૪	લોકનૃત્ય	ઉર્મિ સ્કુલ	૨૩/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૧૫	ભરતનાટયમ	ઉર્મિ સ્કુલ	૨૩/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે
૧૬	તબલા	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૧/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૧૭	હાર્મોનિયમ	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૧/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે
૧૮	સમુહગીત	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૨/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૧૯	સુગમ	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૨/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે
૨૦	નિબંધ	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૩/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૨૧	વકતૃત્વ	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૩/૧/૨૦૧૯	સવારે -૧૦ કલાકે
૨૨	ચિત્રકલા	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૩/૧/૦૦૧૯	સવારે -૧૦ કલાકે
૨૩	એક પાત્રીય અભિનય	પ્રિન્સ અશોક રાજે સ્કુલ	૨૩/૧/૨૦૧૯	સવારે -૧૧ કલાકે

કલા મહાકુંભ – ૨૦૧૯

તાલુકા/ઝોન(મહાનગરપાલિકા)/ જિલ્લાકક્ષાની સ્પર્ધા માટેનું અરજી પત્રક જિલ્લો- .....

સમૂહ સ્પર્ધા માટે કલાકારોની યાદી

(*) ગરબા, રાસ, લોકનૃત્ય,સમુહગીત, લગ્નગીત, સુગમ સંગીત,- તાલુકા/ ઝોનકક્ષાએથી શરૂ

(*) સ્કુલ બેન્ડ, - જિલ્લાકક્ષાએથી શરૂ(*)ભવાઈ- રાજ્યકક્ષાએથી શરૂ.

(૧) શાળા/સંસ્થાનું નામ તથા સરનામું :.....

(૨) સંચાલકશ્રીનું નામ : .....સંપર્ક નંબર : .....

(૩) સ્પર્ધાનું નામ : .....

એન્ટ્રીનો નમૂનો (શાળા/સંસ્થાના લેટર પેડ પર પત્રક – અ મુજબ સંખ્યા):-

ક્રમ	સ્પર્ધકનું નામ	સરનામું	જન્મ તારીખ	જાતિ
૧				
૨				
૩				
૪				
૫				
૬				
૭				
૮				
૯				
૧૦				
૧૧				
૧૨				
૧૩				
૧૪				
૧૫				
૧૬				
ક્રમ	સહાયકનું નામ	સરનામું	સંપર્ક નંબર	જાતિ
૧				
૨				
૩				
૪				

- આ સાથેના સંખ્યા પત્રકને ધ્યાને રાખી કલાકાર અને સહાયકની એન્ટ્રી બનાવવાની રહેશે.
- અધૂરી વિગત સાથેની એન્ટ્રી માન્ય ગણવામાં આવશે નહીં.
- સમૂહ નૃત્યની સ્પર્ધામાં ઓછામાં ઓછા ૧૨ કલાકાર અને વધુમાં વધુ ૧૬ કલાકાર ભાગ લઈ શકશે.
- ખાસ નોંધ - (ગરબા, રાસ, નૃત્ય/સમૂહ નૃત્ય ટીમમાં નીચેની વય ધરાવતા કલાકારો ઉપલી કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

આચાર્યશ્રી/સંસ્થા સંચાલકના સહી સિક્કા

નોંધ:-જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા તેમજ રાજ્યકક્ષા ખાતે વિજેતા કલાકારોએ પોતાના બેન્કના ખાતાની વિગત અચૂક પણે આપવાની રહેશે જેની નોંધ લેવી.

પત્રક-અ

કલા મહાકુંભ ૨૦૧૯-૨૦

ગૃપ મુજબ કૃતિઓ તથા ભાગ લેનારની ઉંમર, સંખ્યા, સહાયક અને સમય

ક્રમ	કૃતિનું નામ	કલાકાર સંખ્યા	સમય	સહાયકોની સંખ્યા	કુલ	ઉંમર ગૃપ પ્રમાણે ભાગ લેવા માટેની કૃતિઓ ગૃપ વાઈઝ			
						૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી	૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી	૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના	૬૦ વર્ષથી (ઓપન વયજુથ)રાજ્યકક્ષાએથી
A) સાહિત્ય વિભાગ									
૧	વકતૃત્વ	૧	૫મિનિટ	---	૧	√	√	×	×
૨	નિબંધલેખન	૧	૪૦મિનિટ	---	૧	√	√	×	×
૩	કાવ્ય લેખન	૧	૬૦ મિનિટ	---	૧	×	√	√	×
૪	ગઝલ શાયરી	૧	૬૦ મિનિટ	---	૧	×	√	√	×
૫	લોકવાર્તા	૧	૧૫ મિનિટ	---	૧	√	√	×	×
૬	દુહા-છંદ-ચોપાઈ	૧	૧૫ મિનિટ	---	૧	√	√	×	×
B) કલાવિભાગ									
૭	ચિત્રકલા	૧	૧૨૦મિનિટ	---	૧	√	√	×	×
૮	સર્જનાત્મક કારીગરી	૧	૧૮૦ મિનિટ	---	૧	√	√	×	×
C) સાંસ્કૃતિકવિભાગ									
૯	લોકનૃત્ય	૧૬	૮ મિનિટ	૪	૨૦	√	√	√	×
૧૦	રાસ	૧૬	૮ મિનિટ	૪	૨૦	√	√	√	×
૧૧	ગરબા	૧૬	૮ મિનિટ	૪	૨૦	√	√	√	×
૧૨	સુગમ સંગીત	૧	૫ મિનિટ	૩	૪	√	√	√	×
૧૩	લગ્ન ગીત	૧	૭ મિનિટ	૫	૬	√	√	√	×
૧૪	સમૂહ ગીત	૮	૬ મિનિટ	૫	૧૩	√	√	×	×
૧૫	શાસ્ત્રીયકંઠ્ય સંગીત (હિન્દુસ્તાની)	૧	૧૦ મિનિટ	૩	૪	√	√	√	×
૧૬	ભરતનાટ્યમ	૧	૧૫ મિનિટ	૧ અથવા ૪	૨ અથવા ૫	√	√	×	×
૧૭	કથ્થક	૧	૧૫ મિનિટ	૧ અથવા ૪	૨ અથવા ૫	√	√	×	×
૧૮	કુચિપુડી	૧	૧૫ મિનિટ	૧ અથવા ૪	૨ અથવા ૫	√	√	×	×
૧૯	ઓડીસી	૧	૧૫ મિનિટ	૧ અથવા ૪	૨ અથવા ૫	√	√	×	×
૨૦	મોહિની અટ્ટમ	૧	૧૫ મિનિટ	૧ અથવા ૪	૨ અથવા ૫	√	√	×	×
૨૧	વાંસળી	૧	૭ મિનિટ	૧	૨	√	√	√	√
૨૨	તબલા	૧	૭ મિનિટ	૧	૨	√	√	√	√
૨૩	હાર્મોનિયમ (હળવું)	૧	૬ મિનિટ	૧	૨	√	√	√	√
૨૪	સિતાર	૧	૭ મિનિટ	૧	૨	√	√	√	√
૨૫	ગીટાર	૧	૭ મિનિટ	૧	૨	√	√	√	√
૨૬	સરોદ	૧	૭ મિનિટ	૧	૨	×	×	√	√
૨૭	સારંગી	૧	૭ મિનિટ	૧	૨	×	×	√	√
૨૮	સ્કૂલ બેન્ડ	૨૧	૧૫ મિનિટ	૩	૨૪	√	√	×	×
૨૯	ઓરગન	૧	૬ મિનિટ	૧	૨	√	√	√	√
૩૦	પખાવજ	૧	૭ મિનિટ	૧	૨	√	√	√	√
૩૧	વાયોલિન	૧	૭ મિનિટ	૧	૨	√	√	√	√
૩૨	મૃદંગમ	૧	૭ મિનિટ	૧	૨	√	√	√	√

૩૩	રાવણ હથ્થો	૧	૬ મિનિટ	૧	૨	×	×	√	√
૩૪	જોડિયા પાવા	૧	૬ મિનિટ	૧	૨	×	×	√	√
૩૫	ભવાઈ	૧૦	૧૫ મિનિટ	૫	૧૫	ઓપન વિભાગ			
૩૬	એકપાત્રીય અભિનય	૧	૬ મિનિટ	---	૧	√	√	√	√
૩૭	લોકગીત/ભજન	૧	૬ મિનિટ	૩	૪	√	√	√	√

કલા મહાકુંભના સામાન્ય નિયમો

- કોઈ પણ સ્પર્ધક એક જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- કોઈ પણ સ્પર્ધક, કોઈ પણ એકજ તાલુકા કે એકમ માંથી, સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઈ શકશે.
- ઈરાદા પૂર્વક કોઈપણ માહિતિ છૂપાવવી નહીં તેમજ ખોટી માહિતી આપવી નહીં, અન્યથા સ્પર્ધામાં આપનો પ્રવેશ રદ કરવામાં આવશે અને તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- કોઈ પણ સ્પર્ધક, સહાયક અથવા તેના વાલીએ કોઈ પણ તબક્કે, આયોજકો, નિર્ણાયકશ્રીઓ કે કોઈ પણ વ્યક્તિ સાથે અસભ્ય કે ગેરવર્તન કરવું નહીં અન્યથા તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે ઉંમરનો પુરાવો આપવો જરુરી છે. જેના માટે ચૂંટણી કાર્ડ, સંસ્થા – કોલેજનું આઈ કાર્ડ, આધાર કાર્ડ, જન્મ તારીખ દર્શાવતું કોઈ પણ સરકારી આધાર વિગેરેમાંથી કોઈ પણ એક પૂરાવો આપવો ફરજિયાત છે.
- સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવા દેવામાં આવશે. નવી કોઈ સગવડ ઉભી કરવા દેવામાં આવશે નહીં. કે આયોજકશ્રીઓ દ્વારા પૂરી પાડવામાં આવશે નહીં.
- પોતાને જરુરી કોસ્ચ્યુમ, મેકઅપ, સેટીંગ્સ, સ્ટેજ પ્રોપર્ટી, સંગીતના સાધનો કે સ્પર્ધા માટે અન્ય જરુરી વધારાના સાધનો સ્પર્ધકે જાતે લાવવાના રહેશે.
- સ્પર્ધકે ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે, તમામ સ્પર્ધકો ને એક જ માહોલમાં નિર્ણાયકશ્રીઓ દ્વારા મૂલવી શકાય એટલા માટે, સ્પર્ધા માટેની કૃતિ, જનરલ લાઈટ્સ અને કોઈ પણ ઈફેક્ટ વગરની માઈક સીસ્ટમ સાથે જ રજૂ કરવાની રહેશે. જે આયોજક દ્વારા પુરી પાડવામાં આવશે.
- દરેક સ્પર્ધા માટે તેની નિયત સમય મર્યાદામાં, + કે - , ૧/૫ (૨૦%) ભાગના સમયની છૂટ આપવામાં આવશે.
- જે તે કૃતિનું પરિણામ સ્પર્ધાના બીજા દિવસે અથવા આયોજકો નક્કી કરે તે પ્રમાણે જાહેર કરવામાં આવશે. જે તે કલાકારોએ પરીણામ માટે પોતાના જિલ્લાની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના આગળના દિવસે, સ્પર્ધકે જાતે જ, કાર્યક્રમની વિગતો મેળવી લેવી, જેથી કોઈ ફેરફાર હોય તો માહિતગાર થઈ શકાય અને વિનાવિઘ્ને, સમયસર, યોગ્ય સ્થળે, સ્પર્ધામાં સફળતા પૂર્વક ભાગ લઈ શકાય. આ માટે આયોજક કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના સ્થળ કે સમયમાં ફેરફાર કરવાની સત્તા આયોજકોની રહશે.
- સ્પર્ધકોએ સ્વખર્ચે, તાલુકા અને જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે. પ્રદેશ અને રાજ્ય કક્ષાએ, પ્રવાસ, નિવાસ અને ભોજનની વ્યવસ્થા આયોજકો દ્વારા ફાળવેલ જોગવાઈની મર્યાદામાં રહી કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.
- જે તે સ્પર્ધામાં, પરિશિષ્ટમા બતાવ્યા મુજબ જે તે કક્ષાએથી જ ભાગ લેવાનો રહશે. <u>ફક્ત સિનીયર સિટીજનો માટેની સ્પર્ધાઓ સીધી રાજ્ય કક્ષાએ યોજાશે.</u>
- તાલુકા કે કોર્પોરેશનના ઝોનના, દરેક ઉંમર ગ્રુપના, પ્રથમ વિજેતા જિલ્લા કક્ષાએ ભાગ લઈ શકશે, જિલ્લા કક્ષાના દરેક ઉંમર ગ્રુપના પ્રથમ વિજેતા પ્રદેશ કક્ષાએ ભાગ લઈ શકશે અને પ્રદેશ કક્ષાના દરેક ઉંમર ગ્રુપના પ્રથમ, અને દ્વિતીયવિજેતાઓ રાજ્ય કક્ષાએ ભાગ લઈ શકશે.

સ્પર્ધા માટેના નિયમો

(A) સાહિત્ય વિભાગ

(૧) વકૃત્વ સ્પર્ધા :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૫ મિનીટનો રહેશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
- સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિ કોઈ પણ વિષયમાં ભાગ લઈ શકશે, પરંતુ તેની જાણ સ્પર્ધાના ચાર કલાક પહેલા વ્યવસ્થાપકને કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, રજૂઆત-છટા, ભાષા-ઉચ્ચાર અને સમગ્ર અસર ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨) નિબંધ લેખન :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ૪૦ મિનીટનો રહેશે.
- નિબંધનો વિષય સ્પર્ધા સમયે જાહેર કરવામાં આવશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવામાં આવશે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- નિબંધમાં વિચાર, વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૩) કાવ્ય લેખન:-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધકે ૬૦ મિનીટમાં કવિતાની રચના કરવાની રહેશે
- કવિતાને પ્રસ્તુત કરવાની સાથે તેનો ટૂંકમાં ભાવ રજૂ કરવાનો રહેશે.
- કવિતા સમાજની દ્રષ્ટી એ પોષક હોવી જરુરી છે.
- પ્રણય, રાષ્ટ્રભક્તિ, શૌર્ય, ઋતુ આધારિત ગીત, સામજિક, બાળગીત કે ભક્તિ ગીત જેવા વિષય ઉપરની કાવ્ય રચના આવકાર્ય છે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- સ્પર્ધા માટે ત્રણ થી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઈ પણ એક વિષય ઉપર રચના કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, કવિતાનુ બંધારણ, ભાષા અને સમગ્ર રચના ઉપર આધારિત રહેશે.
- સ્પર્ધકની કવિતા એ કોઈપણની કવિતાની નકલ કરેલી, પાછળથી પણ જણાશે તો ગમે તે લેવલેથી, સ્પર્ધામાંથી ત્રણ વર્ષ માટે બાકાત કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૪) ગઝલ-શાયરી :-

- ગઝલ- શાયરી ગુજરાતી કે હિંદી ભાષામાં લખી શકાશે.
- કૃતિ રચવા માટે ૬૦ મિનીટનો સમય આપવામાં આવશે.
- ગઝલ- શાયરી રચવા માટે ત્રણથી ચાર જુદાજુદા વિષયો આપવામાં આવશે. જેમાંથી હરિફે કોઈ પણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.
- નિર્ણયનો આધાર છંદ-મિટર, વિચારોની મૌલિકતા અને તેનું આયોજન, કલ્પના, ઉર્મિ, અલંકાર વિગેરે તેમજ સમગ્ર અસર ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં..

(૫) લોકવાર્તા:-

- ઈતિહાસને ઉજાગર કરતી, પ્રાચીન, ઉપદેશાત્મક, પ્રેરણાદાયક અને સમાજને સાચો માર્ગ ચિધતી લોકકથાઓ આધારિત લોકવાર્તા રજૂ કરી શકાશે.
- રજૂઆતનો સમય ૧૫ મિનિટનો રહેશે.
- સહાયક તરીકે કોઈને પણ લઈ શકાશે નહીં પરંતુ વાર્તાકાર રાવણહથ્થો વગાડતા વગાડતા લોકવાર્તાની પ્રસ્તુતિ કરી શકશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ લોકવાર્તાકારને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, લોકવાર્તાની રજૂઆતની અસલી પ્રાચીન લઢણ, સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી

(૬) દુહા, છંદ, ચોપાઈ :-

- દુહા, છંદ, ચોપાઈની રજૂઆત પ્રાચીન પરમ્પરા અને લોક સાહિત્ય આધારિત હોવી જોઈએ. ખાલી જોડકણા, કે અર્વાચિન રચનાઓથી બનેલ રચનાઓ રજૂ કરી શકાશે નહીં.
- સ્પર્ધામાં કંઠસ્થ કરેલા ઓછામાં ઓછા આંઠથી દસ દોહા-છંદ-ચોપાઈની રજૂઆત કરવાની રહેશે. છંદો જેવા કે માત્રા મેળ અને અક્ષર મેળ , ચારણી ગીતો છંદો જેવા કે, સપાખરા, સાવજડું, તિકુરબંધ, શાણોર ઈત્યાદીની રજૂઆત કરી શકાશે.
- સ્પર્ધાનો સમય ૧૫ મિનિટ નો રહેશે.
- વાધ્યો તરીકે હાર્મોનિયમ, તબલા અને મંજીરાનો પ્રયોગ કરી શકાશે. ઈલેક્ટ્રોનિક્સ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, સૂર, તાલ, લય, દુહા-છંદ -ચોપાઈની અસલી પ્રાચીન ગાયકીની લઢણ, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(B) કલા વિભાગ

(૭) ચિત્રકલા:-

- તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે. એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનોસમય ૧૨૦ મિનીટનો રહેશે.
- ચિત્રકલાની સ્પર્ધા માટે, ડ્રોઈંગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે. અન્ય સાધન સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.
- સ્પર્ધા માટે ડ્રોઈંગ પેપર ૧૬"X ૨૪" અથવા ૨૪"X ૩૦" નો અનૂકુળતા પ્રમાણેનો આપવો.
- ચિત્રકલાનો વિષય સ્થળ ઉપર આપવામાં આવશે. અપાયેલા વિષય ઉપર સ્પર્ધકે પોતાની શૈલીના માધ્યમથી ચિત્ર દોરી શકાશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, કલર સ્કીમ, ટેકનીક, વસ્તુલક્ષી નિરુપણ, ડ્રોઈંગ અને આકારમાં સપ્રમાણતા વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં..

(૮) સર્જનાત્મક કારીગરી :-

- આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ, લાકડાનો વેર, ઈલાયચીના છોડા, પથ્થરના ટૂકડા કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે. કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ, તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઈઓના સૂચનો લક્ષમાં લેશું.
- જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મૂલ્ય ઉપજે એવા હોવા જોઈએ.
- જરુરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે.સ્થળ પર તૈયાર કરેલા મૌલિક નમૂનાને પ્રાધાન્ય અપાશે.
- સ્પર્ધાના પ્રકાર પ્રમાણે વધુમાં વધુ ૧૮૦ મિનીટનો સમય આપવામાં આવશે.
- જરુરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. જે નમૂના તૈયાર થાય તે સ્પર્ધાના સ્થળે છેલ્લા દિવસ સુધી રાખવાના રહેશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, ટેકનીક, વસ્તુલક્ષી નિરુપણ, આકારમાં સપ્રમાણતા, કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(C) સાંસ્કૃતિક વિભાગ

(૯) લોકનૃત્ય :-

- નૃત્યમાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- નૃત્ય એકલા ભાઈઓ, એકલી બહેનો કે ભાઈઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- નૃત્યમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક-વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઈકથી દૂર બેસવાનુ રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- નૃત્ય માં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી.
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.
- નૃત્ય જે પ્રદેશનુ રજૂ કરવા આપે પસંદ કર્યુ હોય તેના અનુરુપ જ એક્શન, ગાયકી, પહેરવેશ, તાલ અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરુપમાં રજૂ કરવું હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના નૃત્યો (દા.ત. રાજસ્થાની નૃત્યમા, ચરી, ચકરી, તેહરતાલી, પનિહારી, ભવાઇ વિગેરે નૃત્યો) મિશ્ર કરી રજૂ કરવા, મૂલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે નૃત્યનુ ગીત પણ જે તે પ્રદેશના નૃત્ય અનુરુપ શુધ્ધ સ્વરુપનુ, એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકરતા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, વાસ્તવિકતા, સુરીલાપણુ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘૂમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેષભૂષા, ઓર્નામેંટ્સ, એકાત્મતા, એન્ટ્રી, એક્ઝીટ, સમય અને સમગ્ર રજૂઆતજેવા નૃત્ય ના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૧૦) રાસ :-

- રાસમાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ થી ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- રાસ એકલા ભાઈઓ, એકલી બહેનો કે ભાઈઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- રાસ બહારથી ગવડાવી શકાશે. રાસમાં ગાયક-વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઈકથી દૂર બેસવાનુ રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- રાસમાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી.
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.
- દાંડિયા, મંજિરા, ઢાલ તલવાર કે કરતાલ સાથે પણ રાસ લઈ શકાશે.
- રાસમાં હાર્મોનિયમ, ઢોલ, તબલા, શરણાઇ, વાંસળી, મંજિરા, ખંજરી, ઝાંઝ વિગેરે જેવા રાસને અનુરુપ પ્રાચીન વાધ્યોનો જ પ્રયોગ કરી શકાશે. રાસની રજૂઆતમાં ઈલેક્ટ્રોનિક્સ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહીં.
- રાસ જે પ્રાંત કે પ્રદેશનો રજૂ કરવા આપે પસંદ કર્યો હોય તેના અનુરુપ જ એક્શન, લોકગાયકી, પહેરવેશ, અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરુપમાં રજૂ કરવો હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના રાસ (જેવા કે મણિયારો, અઠંગો, કણબી, ઢાલ-તલવાર, પઢાર વિગેરે) મિશ્ર કરી રજૂ કરવા, મૂલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે રાસનુ ગીત પણલોકકલાના શુધ્ધ સ્વરુપનુ, એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકર્તા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, વાસ્તવિકતા, તેનો લોકગમ્ય ઢાળ, કંઠનુ માધુર્ય, સુરીલાપણુ, સુસ્પષ્ટ ઉચ્ચારણ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘૂમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેષભૂષા, ઓર્નામેંટ્સ, એકાત્મતા, એન્ટ્રી, એક્ઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા રાસના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૧૧) ગરબા :-

- ગરબો પ્રાચીન કે અર્વાચીન કોઈપણ રજૂ કરી શકાશે. જે રજૂ કરો તે તેના મૂળ અને શુધ્ધ સ્વરુપમાં જ રજૂ કરવાનો રહેશે.
- ગરબામાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછી ૧૨ બહેનો અને ૪ સાજિંદા થઈ મહત્તમ ૧૬ થી ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- ગરબામાં મહત્તમ ૪ વાધ્યકારો (સહાયકો) નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઈકથી દૂર બેસવાનુ રહેશે.પ્રાચીન ગરબો જો આપે પસંદ કર્યો હશે તો તેની રજૂઆતમાં ઈલેક્ટ્રોનિક્સ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહીં. ગરબાના પ્રકાર અનુરુપજ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે.
- ગરબામાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી. ગરબે ફરતી બહેનો પૈકી ચારેક બહેનો ગવડાવે અને બાકીની બહેનોએ ઝીલી ગરબાની પ્રસ્તુતિ કરવાની રહેશે. ગરબો બહારથી ગવડાવી શકાશે નહીં.
- ગરબાની કૃતિ સમાજ માટે પોષક અને જે ગરબો રજૂ કરો (પ્રાચીન કે અર્વાચીન) તેને અનુરુપ જ હોવી જોઈએ. એટલેકે, એ પ્રાચીન હોય કે અર્વાચીન પણ તેનું એકજ સ્વરુપ રજૂ કરી શકાશે. મિશ્ર ગરબાની નોંધ મૂલવણી વખતે નકારાત્મક લેવામાં આવશે. સ્પર્ધામાં કેવળ જોડકણા વાળા કે મેડલી બનાવેલા ગરબા રજૂ કરવા નહીં. અન્યથા તે અનુસંધાને તેની મૂલવણી નિર્ણાયકશ્રીઓ દ્વારા કરવામાં આવશે. ખાસ કિસ્સામાં આયોજકો તેનો અસ્વિકાર પણ કરી શકશે. જેમાં કોઈ વાદ વિવાદ ચાલશે નહીં.
- ગરબા નૃત્ય પ્રધાન ન હોવા જોઈએ તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ હોવા જોઈશે નહીં.
- ગરબાની રજૂઆત માટે, તાલી, ચપટી, મંઝીરા, દિવડા. માટલી, ગાગર, ઘડો, ગરબો વિગેરેનો ઉપયોગ થઈ શકશે.
- ગરબો જે પ્રાંત કે પ્રદેશનો રજૂ કરવા આપે પસંદ કર્યો હોય તેના અનુરુપ જ એક્શન, ગાયકી, પહેરવેશ, અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરુપમાં રજૂ કરવો હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના ગરબા (જેવા કે પ્રાચીન, અર્વાચીન, રબારી બહેનોનો, નાગરો બહેનોનો, કોળી બહેનોનો, વિગેરે) મિશ્ર કરી રજૂ કરવા, મૂલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે ગરબાનુ ગીત પણ એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકરતા રહેશે.
